ક્રમાંક:- જીઆઈડીસી/ઈએનજી/જા.આ/૨૧
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,વડીકચેરી,
ગાંધીનગર. તા: ૦૬/૦૭/૨૦૨૧

# પરિપત્ર

**વિષય: ફાળવણીદારોના પ્લોટ/ શેડ/ મિલ્કત વગેરેના તબદીલી સમયે તેના પાણી તેમજ ગટરના જોડાણમાં નામ તબદીલ કરવા બાબત.**

નિગમની પ્રવર્તમાન નીતિ મુજબ ફાળવણીદારોના પ્લોટ/શેડ/મિલ્કત વગેરે તબદીલ કરવા બાબત ફાળવણીદારની અરજી અનુસંધાને પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી દ્વારા નિયમાનુસાર કાર્યવાહી કરી નિયત શરતોને આધિન કામચલાઉ તબદીલી આદેશ (Provisional Transfer Order ) જારી કરવામાં આવે છે. આ આદેશમાં ઉલ્લેખ કરેલ નિયત શરતો પરિપૂર્ણ થયા પછી અંતિમ તબદીલી આદેશ (Final Transfer Order) કરવામાં આવે છે અને ફાળવણીદારના પ્લોટ/શેડ/મિલ્કત વગેરેના નામ તબદીલ કરવામાં આવે છે. પરંતુ પાણી પુરવઠા તેમજ ગટર જોડાણના નામો તબદીલ કરવા ફાળવણીદાર દ્વારા અલાયદી અરજી કરવાની થાય છે. જેના કારણે નિગમ તેમજ ફાળવણીદાર બન્નેનો સમય વ્યતિત થાય છે. આથી આ અંગે એફઆઈએ તેમજ વિવિધ ઉધોગ મંડળો તરફથી અવાર નવાર નિગમ તેમજ સરકારશ્રીની કક્ષાએ સૂચન/રજુઆત કરેલ છે. આ બાબતે નિગમ કક્ષાએ ખાતાના વડાઓની સમીક્ષા બેઠકમાં વિગતવાર ચર્ચાના અંતે નીચે મુજબ કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી દ્વારા અરજી માં દર્શાવેલ જથ્થાની વિગતો દસ્તાવેજી પુરાવા સહીત ખરાઈ કરી પાણી તેમજ ગટરના જોડાણ બાબત નિયમાનુસાર ડીપોઝીટની ગણત્રી કરી રકમ ભરપાઈ કરવા ઓનલાઈન રીપોર્ટ (Online Site Verification Report) માં રજૂ કરવાની રહેશે.

(૨) નિગમ દ્વારા ફાળવણીદારોને પ્લોટ/શેડ/મિલ્કત વગેરેના કામચલાઉ તબદીલી આદેશ (Provisional Transfer Order ) માં ઉલ્લેખ કરવામાં આવતી નિયત શરતોમાં પાણી તેમજ ગટરના જોડાણના નામ તબદીલ કરવા નીચે મુજબની શરતો આમેજ કરવાની રહેશે.

"તબદીલી થનાર અરજીકર્તા જીઆઈડીસીની વેબસાઈટ પરથી પાણી પૂરવઠા તેમજ ગટર જોડાણના અરજી/કરારખત ફોર્મ ડાઉનલોડ કરી રૂ. ૩૦૦/- સ્પેશીયલ એડહેસીવ સ્ટેમ્પ તથા તેમાં દર્શાવેલ દસ્તાવેજી પુરાવા સહીતની વિગતો તેમના સહી સિક્કા સાથે રજુ કરવાના રહેશે."

(3) પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી દ્વારા પ્લોટ/શેડ/મિલ્કત વગેરેના કામચલાઉ તબદીલી આદેશ (Provisional Transfer Order) માં ઉલ્લેખ કરેલ નિયત શરતો પરિપૂર્ણ થયા પછી અંતિમ તબદીલી આદેશ (Final Transfer Order ) જારી કરવામાં આવેથી નાકાઈશ્રીની કચેરી દ્વારા પાણી તેમજ ગટરના જોડાણના નામ તબદીલ કરવાના રહેશે, અલાયદી અરજી કરવાની રહેશે નહિ.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

નકલ રવાના: પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...............
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.... તરફ જાણ તેમજ જીઆઇડીસીની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ તેમજ આ બાબતે ઓનલાઇન સીસ્ટમમાં જરૂરીયાત મુજબ સુધારા-વધારા કે ફેરફાર કરવાના રહેશે.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)